ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

KRCSC BHAVNAGAR

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

"વિજ્ઞાન ભવન" પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

**Phone** : 0278-2570111 **WhatsApp** : 8866570111 **Email** : krcscbvn@gmail.com **Website** : www.krcscbhavnagar.org

## અખબાર યાદી

Date : 3rd Janyuary, 2018

પ્રતિ,

તંત્રી શ્રી,

..............................................................................., ભાવનગર.

**લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ખગોળના પ્રચારક પ્રો. સુભાષભાઈ મહેતાને શ્રધાંજલી**
**મહેતા સરના સ્વપ્નું પ્રત્યેક પૂર્ણિમાએ આકાશ દર્શન હવે 'સુભાષ પૂર્ણિમા આકાશ દર્શન'**
**ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા શરુ કરશે.**

ગુજરાત સરકારના વિજ્ઞાન વિભાગના પેટા વિભાગ ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર દ્વારા સંવર્ધિત કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર દ્વારા પ્રેરિત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા વિજ્ઞાનને સમાજ ઉપયોગી બનાવવા ૧૫ વર્ષથી વિવિધ દિવસોની ઉજવણી જેવા અનેક વિધ કાર્યક્રમો દ્વારા કાર્યરત છે.

બ્રહ્માંડના રહસ્યો લોકો સુધી પહોચાડવા લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર હમેશા પ્રયત્નશીલ રહ્યું છે. લોક વિજ્ઞાન કેન્દ્ર માટે હમેશા તત્પર અને ખગોળના જાણકાર શ્રી પ્રો. સુભાષભાઈ મહેતા બ્રહ્માંડમાં આજે વિલીન થયા. જેના ઘેરા પ્રતિઘાત ભાવનગરની ખગોળ પ્રેમી જનતા પર પડ્યા છે.

૫ ઓગસ્ટ, ૧૯૪૨ના રોજ ભાવનગર ખાતે મહેતા પરિવારમાં જન્મેલા શ્રી પ્રો. સુભાષભાઈ વિજ્ઞાન અને ગણિત વિષય પ્રયે ઉત્સાહી સ્વભાવ ધરાવતા હતા. પ્રાથમિક, મેટ્રિક અને ગ્રેજ્યુએટ વિજ્ઞાન વિષયમાં થયા બાદ ભાવનગરમાં સ્થિત સર પી.પી. કોલેજ ઓફ સાયન્સમાં ભૌતિક વિજ્ઞાન વિષયના પ્રાધ્યાપક તરીકે પોતાની ફરજ બજાવી. ગણિત અને વિજ્ઞાનના જાણકાર હોવાથી તેમણે ખાગોળને પોતાનો રસનો વિષય બનાવીને લોકો સુધી ખગોળ વિજ્ઞાન પોચાડવા પોતે છેલ્લી ઘડી સુધી પ્રયત્ન કરતા રહ્યા. તેમણે તેમના જીવનના ૭૬ વર્ષ પૈકી ૩૪ વર્ષ ખાગોળને લોકો સુધી પહોચવા માટે કટિબદ્ધ રહ્યા. એક ૧૮ વર્ષના યુવાન જેવી સ્ફૂર્તિ ધરાવતા અને સદાય લોકો માટે હાજર એવા સુભાષભાઈ મહેતા ગત રાત્રે ૨:૩૦ કલાક સમયે પોતાનો પાર્થિવ દેહ છોડી અવકાશમાં પોતાનું ચિરંજીવી સ્થાન પામ્યા.

અનેક સંસ્થાઓ સાથે જોડાઈ ને લોકો સાથે સતત પ્રયત્ન સંપર્કમાં રહેતા તેમના નામે અનેક રેકોર્ડો પણ દર્જ થયેલા છે. દિવંગત શ્રી સુભાષભાઈ મહેતાને લોક વિજ્ઞાન કેન્દ્રના ચરમેન ડૉ. ભાવેશ ભરડ દ્વારા શ્રધાંજલિ આપતા **Hope we always see our STAR beloved SUBHASBHAI during each Skygazing in the sky** જણાવેલ. ઉપરાંત ભાવનગર એસ્ટ્રોનોમી ક્લબ દ્વારા તેમને શ્રધાંજલિ આપવા માટે તા.૦૫-૦૧-૨૦૧૮ને શનિવારના રોજ શ્રી તખ્તેશ્વર મંદિર ખાતે સાંજના ૬ કલાકથી ૮ કલાક દરમ્યાન મહેતા સર દ્વારા કલ્પિત કાર્યક્રમ કરવામાં આવશે.

ભાવનગરની તમામ ખગોળ પ્રેમી જનત આકાશ દર્શન કાર્યક્રમમાં જોડીને દિવંગત પ્રો. મહેતા સરને ખરા અર્થમાં શ્રધાંજલિ આપવામાં આવશે.

3-1-19

(હર્ષદ જોષી)
કો-ઓર્ડીનેટર,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર.

D:\2018-19\All Letter and Press Note 2018-19 \Press of KRCSC FL 2018-19